કેજરીવાલ પર વધુ એક હુમલો

નવીદિલ્હી,તા. ૮

એએપીના નેતા અરવિંદ કેજરીવાલને ઉપર ઉત્તરપશ્ચિમ દિલ્હીના સુલતાનપુરી વિસ્તારમાં રોડ શો દરમિયાન એક શખ્સે તમાચો મારી દેતા ભારે સનસનાટી મચી ગઈ હતી. ચાર દિવસની અંદર જ એએપીના નેતા ઉપર આ બીજો હુમલો કરાયો છે. એએપીના નેતાએ તરત જ આના માટે ભાજપને જવાબદાર ઠેરવીને આની ટિકા કરી હતી. મળેલી માહિતી મુજબ લાલી તરીકે ઓળખાયેલા આ શખ્સે પહેલા કેજરીવાલને માળા પહેરાવી હતી અને ત્યારબાદ તમાચો મારી દીધો હતો. જો કે, એએપીના સમર્થકોએ ત્યારબાદ તેને માર માર્યો હતો. એએપીના નેતા મનીષ સિસોદિયાએ માહિતી આપતા કહ્યું હતું કે, કેજરીવાલને આંખ ઉપર ઇજા થઇ છે. તેમના ચશ્મા પડી ગયા હતા. બહારી દિલ્હીના અમનવિહારના નિવાસી ૩૮ વર્ષીય લાલીએ કહ્યું હતું કે, કેજરીવાલે ઓટો ડ્રાઇવરોને આપવામાં આવેલા વચનો પાળ્યા નથી. મોડેથી તેની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. બીજી બાજુ કેજરીવાલે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, કેટલાક લોકો દ્વારા તેમના ઉપર હુમલા કરાવવામાં આવી રહ્યા છે. અમારા ઉપર હુમલા કરીને અમને શાંત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કેજરીવાલે કહ્યું હતું કે, તેમને સમજાતું નથી કે વારંવાર કેમ હુમલા થઇ રહ્યા છે. આની પાછળ માસ્ટર માઇન્ડ કોણ છે, તેઓ શું ઇચ્છે છે. એએપીના નેતા હુમલા બાદ રાજઘાટ ઉપર ગયા હતા. આ હુમલાની ભાજપ અને કોંગ્રેસ દ્વારા ટિકા કરી છે. કોંગ્રેસના નેતા કપિલ સિબ્બલે કહ્યું છે કે, આ પ્રકારનું વર્તન લોકશાહીની વિરુદ્ધમાં છે. અમે આને ટેકો આપતા નથી. ભાજપના નેતા વિજય ગોયેલે પણ આ હુમલાની ટિકા કરી છે. આવી બાબતોને અમે ટેકો આપતા નથી. મનીષ સિસોદિયાએ કહ્યું હતું કે, આ પ્રકારના કૃત્યોથી એએપીની હિલચાલને રોકી શકાશે નહીં. કેજરીવાલે મોડેથી બનાવ અંગે માહિતી આપી હતી. રાજઘાટ જઇને કેજરીવાલે વિરોધ વ્યક્ત કર્યો હતો. રાખી બિરલાના પ્રચાર માટે કેજરીવાલ સુલતાનપુરીમાં પહોંચ્યા હતા. રોડ શો દરમિયાન કેજરીવાલને ઓટો રિક્શા ચાલકે તમાચો માર્યો હતો.

ત્રાસવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ફરીવખત અથડામણ થઇ

શ્રીનગર,તા.૮

જમ્મુ કાશ્મીર કુપવાડા જિલ્લામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભીષણ અથડામણ થઈ છે. આ અથડામણમાં એક આર્મી ઓફિસર સહિત ત્રણ સુરક્ષા જવાન શહીદ થયા છે જ્યારે બે આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. ચાર સુરક્ષા જવાનોની આ અથડામણમાં ઈજા થઈ હતી. ઉત્તર કાશ્મીરમાં કુપવારા જિલ્લામાં શ્રીનગરથી ૧૨૦ કિલોમીટરના વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. આતંકવાદીઓ મોટી સંખ્યામાં છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ પોલીસ અને સેનાએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. જ્યારે સુરક્ષા દળો આતંકવાદીઓની નજીક પહોંચ્યા ત્યારે આ લોકોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ અથડામણ આજે બપોર સુધી ચાલી રહી હતી. બંને આતંકવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. ઈમારતના કાટમાળમાંથી સુરક્ષા જવાનના મૃતદેહ પણ મળ્યા છે. આ એન્કાઉન્ટરમાં આર્મીના જેસીઓ પણ શહીદ થયા હતા. ચાર પોલીસ જવાન પણ ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત પોલીસ જવાનોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યો બેની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેમાં આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટરનો સમાવેશ થાય છે. માર્યા ગયેલા આતંકવાદી કયા સંગઠનના હતા તે અંગે કોઈ માહિતી મળી શકી નથી. કાશ્મીરમાં ત્રાસવાદીઓ ફરી એકવાર હુમલા તીવ્ર બનાવ્યા છે.

નાગાલેન્ડની લોકસભા બેઠક પર આજે મતદાન

નાગાલેન્ડમાં આવતીકાલે એક માત્ર લોકસભાની બેઠક માટે મતદાન યોજાનાર છે. એક બેઠક પર ત્રણ ઉમેદવાર મેદાનમાં છે જેમાં મુખ્યમંત્રીનો સમાવેશ થાય છે. કુલ ૧૧૭૯૮૮૧ મતદારો મતાધિકારનો ઉપયોગ કરનાર છે. ૧૨ જિલ્લાઓમાં ૨૦૫૯ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચ દ્વારા ૧૪૭૫ મતદાન મથકોને સામાન્ય તરીકે ગણાવ્યા છે જ્યારે ૪૦૭ મતદાન મથકોને સંવેદનશીલ અને ૧૭૭ને અતિ સંવેદનશીલ મતદાન મથક તરીકે ગણાવ્યા છે. બીજી બાજુ ૧૦મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ચૂંટણી પ્રચારનો આજે અંત આવ્યો હતો. ૧૦મીએપ્રિલના દિવસે દિલ્હીની સાથે બેઠક સહિત લોકસભાની ૯૨ બેઠક માટે મતદાન યોજાનાર છે. દિલ્હીમાં ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે આજે તમામ નેતાઓએ પ્રચારમાં ભાગ લીધો હતો. દિલ્હી ભાજપના વડા હર્ષવર્ધન ચાંદની ચોકમાંથી મેદાનમાં છે. જ્યારે કોંગ્રેસ તરફથી અહીં કપિલ સિબ્બલ ચૂંટણી લડી રહ્યા છે.

ગુલમહોર (પાના નં.૪નું ચાલુ...)

આ જ ન્યાય કરીશું અને હંસ-હંસલી તો અહીંથી ઊડી જશે. ઘુવડે તો કાયમ માટે આપણી વચ્ચે જ રહેવાનું છે અને આપણે એની સાથે રહેવાનું છે. આથી આપણે ઘુવડનો જ પક્ષ લેવો રહ્યો."

આમ પંચે પોતાનો નિર્ણય જાહેર કર્યો કે તમામ તથ્યો અને પુરાવાઓ તપાસવાના અંતે એવું પુરવાર થાય છે કે હંસલી એ ઘુવડની જ પત્ની છે. આથી હંસને તત્કાળ આ ગામ છોડી દેવાનો હુકમ કરવામાં આવે છે.

પંચનો આ ચુકાદો સાંભળીને તો હંસને ભારે આશ્ચર્ય થયું. તે ઉદાસ અને રડમસ થઈ ગયો. પંચાયતે ખોટો ચુકાદો આપ્યો, એવી બૂમાબૂમ પણ તેણે કરી. પરંતુ તેનું સાંભળનાર કે તેનો પક્ષ લેનાર ત્યાં કોઈ નહોતું.

એવામાં ઘુવડ બોલ્યો કે "અરે ઓ મિત્ર હંસ, એક મિનિટ ઉભા નહીં રહો?"

હંસ ખિન્ન હતો. તેણે કહ્યું કે "તેં કપટયુક્તિ કરીને મારી પત્ની તો પડાવી લીધી. હવે શું તારે મારો પ્રાણ લેવો છે?"

ઘુવડે કહ્યું કે "એવું નથી મિત્ર. હંસલી તમારી પત્ની હતી, છે અને સદાય રહેશે. ગઈ કાલે હું રાતના સન્નાટામાં બૂમાબૂમ કરતો હતો અને તમને આરામમાં ખલેલ પહોંચતી હતી. તમે તમારી પત્નીને કહી રહ્યા હતા ને કે આ વિસ્તાર ઉજડ અને વેરાન એટલા માટે છે કે અહીં ઘુવડ રહે છે. પરંતુ એવું નથી. હકીકત તો એ છે કે અહીં પંચ પરમેશ્વર અને પંચાયતના નામે એવા લોકો રહે છે કે જે ઘુવડ લોકોની તરફેણમાં ચુકાદાઓ આપતા રહે છે. જ્યાંના લોકો પોતાની સુઝબૂઝનો ઉપયોગ કર્યા વગર ફક્ત ઘુવડોના પક્ષમાં નિર્ણય કરતા હોય ત્યાં રહેવાનું કોણ પસંદ કરે?"

કેટલી વાસ્તવિક અને સચોટ વાત છે.

સ્ટોપર :

પ્રેમ એટલે દિવ્યતા, પ્રેમ એટલે ભવ્યતા.

Hello ફ્રેન્ડ્સ (પાના નં. ૪નું ચાલુ...)

અઠવાડિયા બાદ અમદાવાદ આવી પ્રસન્નએ કેમ્પ હનુમાન આવી એમની બેગ લઈ જવા ધાર્મિકને ફોન કર્યો. શનિવારે તેઓ કુટુંબ સાથે નેનોમાં ત્યાં પ્રસન્નના ઘરે પહોંચી ગયા, એની પ્રામાણિકતાની પ્રશંસા કરી અને બક્ષિસ તરીકે પાંચ હજાર રૂપિયા આપવાં લાગ્યા. પણ પ્રસન્નએ સસ્મીત ના પાડી મસાલા વાળી ચા પીવડાવી. ધાર્મિક પૂછ્યું, 'શું કરે છે?' એણે કીધું આઈ.પી.એસ. ઓફિસરનું ધ્યેય છે. ધાર્મિકે એની ગાડીમાં બેસાડી સીધી જ ગાંધી પુલ લઈ લીધી અને અઢી હજારની ચોપડીઓ અપાવી દીધી... બોલ્યા કે, 'તું આઈ.પી.એસ. નક્કી જ બને એવી અમારી પ્રભુ ચરણે પ્રાર્થના' ધાર્મિક અને પ્રસન્ન બંનેના આંખમાં અશ્રુ હતા. પ્રસન્નને પ્રામાણિકતાનું પારિતોષિક મળી ચૂક્યું હતું!!

ચૂંટલો :

જીવનની કોક નાજુક ક્ષણે પ્રલોભનની બેગ હાથે લાગી જતી હોય છે, પ્રામાણિકતા અને નૈતિકતાની કસોટી થઈ જાય છે, એમાં જો સંયમ જવળાઈ ગયો તો આપનાર અને લેનાર બંને સુખી થાય છે અને પ્રામાણિકતાનો પુરસ્કાર કોઈ પણ રૂપમાં અવશ્ય મળે જ છે.

ચૂંટણી પંચ દ્વારા જુદા જુદા રાજ્યોમાં ૧૯૫ કરોડની રોકડ રકમ જપ્ત

નવી દિલ્હી,તા.૮

લોકસભાની ચૂંટણી માટેની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. પ્રથમ તબક્કામાં મતદાન શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થતાં તંત્રને રાહત થઈ છે. આદર્શ આચાર સંહિતાને કઠોર રીતે અમલી બનાવવાના હેતુસર ચૂંટણી પંચે શ્રેણીબદ્ધ પગલાં લીધા છે જેના પરિણામ સ્વરૂપે ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલા ચૂંટણી ખર્ચ નિરીક્ષકોએ હજુ સુધી જુદા જુદા રાજ્યોમાં ૧૯૫ કરોડની રોકડ રકમ કબજે કરી છે. સાથે સાથે ૧૧૦૦૦થી વધારે એફઆઈઆર દાખલ કરવામાં આવી ચૂકી છે. ચૂંટણીના ભાગરૂપે ૨૬.૫૬ લાખ લિટર દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવી ચૂક્યો છે. ૭૦ કિલો હેરોઈન અને અન્ય માદક દ્રવ્યનો જથ્થો પણ જપ્ત કરવામાં આવી ચૂક્યો છે. જુદા જુદા રાજ્યોમાં રોકડ અને અન્ય ગેરકાયદે ચીજવસ્તુઓના વિતરણના સંદર્ભમાં ૧૧૪૬૯ એફઆઈઆર દાખલ કરવામાં આવી ચૂકી છે. ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલી ટીમના એક ભાગ તરીકે રહી ચૂકેલા અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે આઈઆરએસ અને અન્ય કેન્દ્રીય સંસ્થાઓ અને સર્વિસમાંથી ૬૫૯ અધિકારીઓની ટુકડી તમામ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં લાગેલી છે અને તમામ પ્રવૃત્તિ ઉપર નજર રાખી રહી છે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદથી જુદા જુદા પગલાં લેવામાં આવી રહ્યા છે. ખર્ચની વિગતો પણ તૈયાર કરવામાં આવી રહી છે. ઈન્કમટેક્સ, કસ્ટમ અને એક્સાઈઝ વિભાગ જેવા જુદા જુદા વિભાગોમાંથી નિરીક્ષકો રોકવામાં આવી ચૂક્યા છે. ચૂંટણી દરમિયાન રોકડ રકમ ઉપર નજર રાખવા પણ પગલાં લેવામાં આવ્યા છે. ચૂંટણી પંચ નવ તબક્કામાં યોજાનાર લોકસભાની ચૂંટણી પૂર્ણ ન થાય ત્યાં સુધી દારૂના જથ્થા, રોકડ રકમ અને માદક દ્રવ્યની હેરફેર કરનાર લોકો સામે પગલાં લેશે. સૌથી જંગી રોકડ રકમ આંધ્રપ્રદેશમાં પકડી પાડવામાં આવી છે. અહીં ૧૧૮ કરોડ રૂપિયાની રોકડ રકમ પકડી પડાઈ છે.

ક્યાં કેટલી રોકડ કબ્જે

ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલા નિરીક્ષકો જુદા જુદા રાજ્યોમાં જંગી રોકડ રકમ કબજે કરી છે. કયા રાજ્યમાં કેટલી રોકડ રકમ હજુ સુધી પંચે કબજે કરાઈ છે તેનો આંકડો નીચે મુજબ છે.

રાજ્ય	રોકડ રકમ (કરોડમાં)
આંધ્રપ્રદેશ	૧૧૮
તમિલનાડુ	૧૮.૩૧
મહારાષ્ટ્ર	૧૪.૪૦
ઉત્તર પ્રદેશ	૧૦.૪૬
પંજાબ	૪

અમેરિકામાં કામ કરવા વિઝા ધારકના પત્નિને ટૂંકમાં મંજુરી

વોશિંગ્ટન,તા.૮

વિશ્વના શ્રેષ્ઠ અને હોંશિયાર વિદ્યાર્થીઓને આકર્ષિત કરવાના પ્રયાસરુપે અમેરિકા ટૂંકમાં જ નવી નીતિઓ સાથે આવનાર છે જેના ભાગરુપે પ્રવર્તમાન નિયમોમાં ફેરફાર કરવામાં આવશે. સાથે સાથે અમેરિકામાં કામ કરવા એચ-૧બી વિઝા ધારકના પત્નિઓને કામ કરવાની મંજુરી આપવામાં આવશે. એક નિવેદનમાં વ્હાઈટ હાઉસે કહ્યું છે કે, ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી ટૂંક સમયમાં જ કેટલાક નવા નિયમો રજૂ કરશે જેનાથી કુશળ વિદેશી ઉદ્યોગ સાહસિકો અને અન્ય લોકોને અમેરિકા વધુ આકર્ષિત કરશે. અન્ય હાઈસ્કીલ ઈમિગ્રન્ટ લોકોને પણ આકર્ષિત કરવામાં આવશે. અમેરિકી અર્થતંત્રમાં યોગદાન આપવા તેમને તક આપવામાં આવશે. આનાથી વધુ રોજગારીની તકો સર્જાશે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આ સૂચિત ધારા ધોરણોમાં એચ-૧બી વિઝા અંગે હાઈસ્કીલ વર્કરોના પત્નિઓ માટે રોજગારીનો સમાવેશ થાય છે. ઉપરાંત શ્રેષ્ઠ પ્રોફેસરો અને સંશોધકો માટે વધારે તક રહેશે. આમા જણાવવામાં આવ્યું છે કે, પ્રવર્તમાન ઈમિગ્રેશન વ્યવસ્થાને વધુ પારદર્શક બનાવવા, અસરકારકતા સુધારવા, ઉદાસીનતાને દૂર કરવાનો સમાવેશ થાય છે. અમેરિકામાં એચ-૧બી વિઝાની બોલબાલા રહી છે. એવું લાગેછે કે, એચ-૧બી વિઝા ધારકના પત્નિઓને અમેરિકામાં કામ કરવા સીધી મંજુરી મળશે. જો કે, એચ-૧બી વિઝા ધારકના પત્નિના ચોક્કસ વર્ગમાં સીધી મંજુરી મળશે. વિજ્ઞાન અને ટેકનોલોજીના કેટેગરીમાં રહેલા લોકોને સીધો ફાયદો થશે. વ્હાઈટ હાઉસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થ અને નેશનલ સાયન્સ ફાઉન્ડેશન દ્વારા નવી વ્યવસ્થા શરૂ કરવામાં આવનાર છે જેના ભાગરુપે મૂળભૂત સંશોધન અને વિકાસના અંતરને દૂર કરવામાં આવશે. એચ-૧બી વર્ક વિઝા મુખ્યરીતે ભારતમાંથી આઈટી પ્રોફેશનલો માટે મહત્વપૂર્ણ છે. શૈક્ષણિક સંશોધકો અને ઉદ્યોગ સાહસિકોને આવનાર દિવસોમાં વધુ લાભ મળશે. વ્હાઈટ હાઉસ દ્વારા નબળાઈઓને દૂર કરવા માટે ઘણા પગલા લેવાઈ રહ્યા છે. નવી નીતિ હેઠળ રિસર્ચ એન્ડ ઈનોવેશન ફેલોશીપ પ્રોગ્રામ હેઠળ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ૬૦થી વધુ યુએસ લીડરોને બાર વિકાસશીલ દેશોમાં મોકલવામાં આવશે.

સોનિયા ગાંધી સામે એએપી ઉમેદવાર આખરે ખસી ગયા

નવી દિલ્હી,તા.૮

લોકસભાની ચૂંટણી પહેલા હવે એએપીના ઉમેદવાર પૂર્વ જસ્ટિસ ફકરુદ્દીન પણ મેદાનમાંથી ખસી ગયા છે. ફકરુદ્દીન રાયબરેલીમાંથી સોનિયા ગાંધી સામે મેદાનમાં હતા. એએપીના નેતા અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને એક પછી એક ફટકો મળી રહ્યો છે. એએપીની ઘટતી જતી લોકપ્રિયતાના પરિણામ સ્વરૂપે હવે ઉમેદવારો મેદાન છોડવામાં આગળ દેખાઈ રહ્યા છે.

ચૂંટણી મેદાનમાંથી ખસી જવાનો સિલસિલો પાર્ટીમાં જારી રહ્યો છે. આમ આદમી પાર્ટીએ હવે તેમની જગ્યાએ અર્ચના શ્રીવાસ્તવને ઉમેદવાર બનાવ્યા છે. ફકરીદ્દીન સાંસદ અને છત્તીસગઢ હાઈકોર્ટમાં જજ રહી ચૂક્યા છે. તેમના પ્રોફાઈલને ધ્યાનમાં લઈને એએપી દ્વારા સોનિયા ગાંધી સામે મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પરંતુ છેલ્લી ઘડીએ ફકરુદ્દીન મેદાનમાંથી નીકળી ગયા છે. આ બેઠક પર ભાજપ તરફથી વકીલ અજય અગ્રવાલ મેદાન ઉપર છે. આ અગાઉ પણ આમ આદમી પાર્ટીના ઘણા ઉમેદવાર મેદાન છોડી ચૂક્યા છે.

હિમાચલ : બસ ખીણમાં પડતાં ૧૭ના મોત થયાં

નાહન,તા.૮

હિમાચલ પ્રદેશના સિરમોર જિલ્લામાં મિલ્લાગામની પાસે એક બસ ઊંડી ખીણમાં ખાબકી જતાં ઓછામાં ઓછા ૧૭ લોકોના મોત થઈ ગયા છે અને અન્ય ૧૨ લોકો ગંભીર રીતે ઘાયલ થઈ ચૂક્યા છે. સિરમોર જિલ્લામાં બનેલા આ બનાવ બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. સિરમોરના અધિકારીએ કહ્યું હતું કે સાત લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા છે. બેને હોસ્પિટલ લઈ જતી વેળા મૃત જાહેર કરી દેવામાં આવ્યા હતા. જ્યારે અન્ય આઠ લોકોએ હોસ્પિટલમાં દમ તોડ્યો હતો. માર્યા ગયેલા ૧૭ લોકો પૈકી ૧૦ની ઓળખ કરી દેવામાં આવી છે. ઘાયલોને પૂરતી સારવાર મળે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ઘાયલ થયેલા લોકો પૈકી પાંચની હાલત ગંભીર જણાવવામાં આવી છે. તેમને ચંદીગઢની પીજીઆઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળેલી માહિતી મુજબ ગમખ્વાર અકસ્માતના પરિણામ સ્વરૂપે લોકોમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. ટ્રાફિક જામની સ્થિતિ પણ જોવા મળી હતી. મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરી દેવામાં આવી છે જેમાં ૧૨ વર્ષીય ડિમ્પલ, ૩૮ વર્ષીય અંતરસિંહ, ૩૫ વર્ષીય નિશા, ૩૭ વર્ષીય વિરસિંહ, સંતોષ, ચંદ્રકલા, તપેન્દ્ર, જયંતિદેવી, ખજાનસિંહ અને સંતોનો સમાવેશ થાય છે. ૪૦૦ ફૂટ ઊંડી ખીણમાં આ બસ ખાબકી ગઈ હતી. તાજેતરના સમયની સૌથી મોટી દુર્ઘટના તરીકે જોવામાં આવે છે.

પાઈલોટો માટે ૧૫ ટકાના પગાર કાપની એર ઈન્ડિયાની તૈયારી

નવી દિલ્હી,તા.૮

એર ઈન્ડિયાએ તેના પાઈલોટોના પગારમાં કાપ મૂકવાની દરખાસ્ત મૂકી દેતાં ચિંતાનું મોજું ફળી વળ્યું છે. પાઈલોટોના પગારમાં ૧૫ ટકા સુધીની હિલચાલ હાથ ધરી છે. આગામી ઉનાળાની હોલિડેની પ્રવાસ સીઝન શરૂ થાય તે પહેલાં જ એર ઈન્ડિયાએ દરખાસ્ત રજૂ કરતા જ પાઈલોટોમાં નારાજગીનું મોજું ફરી વળે તેવી શક્યતા છે. ઘણા પાઈલોટો આનો વિરોધ પણ કરી શકે છે. સૌથી વધારે કાપ એક્સીક્યુટીવ કમાન્ડરોના પગારમાં મૂકાશે. મોટા વિમાનમાં ભૂમિકા ભજવી રહેલા કમાન્ડરોના પગારમાં કાપ મૂકાશે. તેમનો માસિક પગાર ૮.૮ લાખ રૂપિયાથી ઘટાડીને ૭.૫ લાખ કરી દેવામાં આવશે. જ્યારે મોટા વિમાનમાં સહ પાઈલોટ રહેલા અને હાલમાં મહિને ૨.૩ લાખ રૂપિયાની કમાણી કરી રહેલા પાઈલોટોના પગારમાં એક હજાર રૂપિયાનો ઘટાડો કરવામાં આવી શકે છે.

અલબત્ત પાઈલોટ યુનિયનોએ નવા માળખાંને અસ્વીકાર કરી દઈને આની સામે વિરોધ નોંધાવ્યો છે અને કહ્યું છે કે એરલાઈન્સ મેનેજમેન્ટની આ નીતિ ખૂબ જ અયોગ્ય છે. બીજીબાજુ એરલાઈન્સ મેનેજમેન્ટનું કહેવું છે કે જવાબ આપવા માટે તેમને ૨૧ દિવસનો સમય આપવામાં આવ્યો હતો. પાઈલોટો સાથે વાતચીત બાદ નિર્ણય કરવાની વાત થઈ હતી. પરંતુ આ ગાળો નીકળી ગયો છે. ૧૫ ટકા સુધી કાપ મૂકવામાં આવશે.

સંરક્ષણ ક્ષેત્રે નબળી સ્થિતિ માટે એન્ટોની સંપૂર્ણરીતે જવાબદાર

કાસરગોડ,તા. ૮

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ ઝંઝાવતી પ્રચારનો દોર આજે પણ જારી રાખ્યો હતો. ભારત વિજય રેલીના ભાગરુપે મોદીએ આજે કેરળમાં ચૂંટણી પ્રચાર દમરિયાન સુરક્ષા અને આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો હતો. મોદીએ દાવો કર્યો હતો કે, કેટલાક રાજ્યોમાં કોંગ્રેસને એક પણ સીટ નહીં મળે. કેટલાક રાજ્યોમાં તે બે આંકડામાં પણ પહોંચશે નહીં. ભાજપને ૩૦૦થી વધુ બેઠક આપવા મોદીએ અપીલ કરી હતી. આ ઉપરાંત મહિલાઓની સુરક્ષાઓની પણ વાત કરી હતી. મોદીએ મહિલાઓની સુરક્ષાના મુદ્દે કેરળ સરકારની પણ ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, કેરળ મહિલાઓ માટે બિનસુરક્ષિત રાજ્યોની યાદીમાં સામેલ છે. કેરળમાં મહિલાઓની હાલત ખુબ જ કફોડી બનેલી છે. મહિલાઓ માટે બિન સુરક્ષિત ૧૦ રાજ્યોની યાદીમાં કોંગ્રેસ શાસિત છ રાજ્યો છે અને આમા ભાજપ શાસિત કોઈપણ રાજ્ય નથી. કેરળને ટ્યુરિસ્ટ સ્થળ બનવાની તક રહેલી છે પરંતુ કમનસીબરીતે કેરળ આતંકવાદના કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે. મોદીએ આજે કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન એકે એન્ટોની ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, દેશના સંરક્ષણ ક્ષેત્રે ગંભીર સ્થિતિ ઉભી થયેલી છે. આના માટે એન્ટોનીએ લોકોને જવાબ આપવો જોઈએ. મોદીએ એન્ટોની ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, ઈટાલિયન મરીનો અને પાકિસ્તાની સેના દ્વારા ભારતીય સૈનિકોના માથા કાપવામાં આવી રહ્યા છે. નૌકા સેનાની દુર્ઘટના બની રહી છે. સબમરીન દુર્ઘટના, જહાજ દુર્ઘટનાઓ બાદ નૌકા સેનાના પ્રમુખ એડમિરલ ડીકે જોશીના રાજીનામાની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, ભારતીય સંરક્ષણ દળોને આ ગાળા દરમિયાન શ્રેષ્ઠ હથિયારો મળ્યા નથી. કેરળના ઉત્તરીય જિલ્લામાં પક્ષના ઉમેદવાર કે સુરેન્દ્રનની સભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, એન્ટોનીના નિવેદન અને વર્તનના કારણે પાકિસ્તાની મિડિયા ખુબ ખુશ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોદીએ આ અગાઉ જમ્મુમાં ભાષણ દરમિયાન એન્ટોનીને પાકિસ્તાની એજન્ટ તરીકે ગણાવ્યા હતા. આતંકવાદના કેન્દ્ર તરીકે કેરળ ઉભરી રહ્યું છે. ઓમાન ચંડી સરકાર ઉપર પણ મોદીએ પ્રહાર કર્યા હતા. ભાજપના નેતાએ મનમોહનસિંહ, સોનિયા ગાંધી, ઓમાન ચંડી ઉપર પણ દેશના સશસ્ત્ર દળોને મજબૂત કરવા પગલા ન લેવા બદલ પ્રહાર કર્યા હતા. કેરળમાં નોકરીની પુરતી તકો રહેલી છે પરંતુ યોગ્ય પગલા નહીં લેવાના કારણે અહીંના લોકોને અન્ય રાજ્યોમાં નોકરી માટે જવાની ફરજ પડી છે. કેરળ મની ઓર્ડર ઈકોનોમી ઉપર ચાલી રહ્યું છે. કારણ કે લોકો જે બહાર કામ કરી રહ્યા છે તેમના માતા-પિતાને પૈસા મોકલી રહ્યા છે પરંતુ તેઓ સુરક્ષિત છે ખરા. મોદીએ એમપણ કહ્યું હતું કે જો તેમને અહીં નોકરી મળી હોત તો વિદેશ જવાની જરૂર પડી ન હોત.

સમાચાર ઝલક

- *દેશભરમાં રામનવમી ધામધૂમથી ઉજવાઇ, સાથે ચૈત્રી નવરાત્રી પણ સંપન્ન.*
- *પશ્ચિમ બંગાળમાં અધિકારીઓની બદલી સામે ચૂંટણીપંચ-બંગાળ સરકાર આમને-સામને.*
- *ત્રીજા તબક્કાની ચૂંટણી માટે પ્રચારનાં પડઘમ શાંત થયા.*
- *વિસનગરમાં બોગસ નર્સિંગ તાલીમ સ્કૂલ સામે કાર્યવાહી કરવામાં આવી.*
- *મીસીસીપીમાં ભારે વરસાદ અને તોફાનથી અનેક લોકોને અસર પહોંચી.*
- *ચીનમાં કોલસાની ખાણમાં પાણી ભરાતાં ૨૫ મજૂરો ફસાયાં.*
- *મહિલા બેંકની ૫૭ શાખાઓ ચાલુ નાણાંકીય વર્ષમાં ખુલશે.*
- *ઊંઝા માર્કેટમાં એક જ દિવસમાં એંસી હજાર જીરાની બોરીની વિક્રમ આવક નોંધાઇ.*
- *તળાજા માર્કેટમાં કેસર કેરીનાં ૨૦૦૦ બોક્સની આવક થઇ.*
- *રાજકોટમાં પોલીસ કોન્સ્ટેબલે પાડોશીને શંકાની લીધે ખુન કર્યું.*
- *અમદાવાદમાં સ્વાઇન ફ્લુનો કેસ નોંધાયો, આરોગ્યતંત્રમાં દોડધામ.*
- *ગુગલ પોતાની પોતાની વાયરલેસ તથા ૩જી, ૪જી સેવાઓ વિસ્તારશે.*
- *મતદાન જાગૃતિ માટે તંત્ર તરફથી ભારે અભિયાન શરૂ કરાયું.*
- *કંદહારમાં બોંબ વિસ્ફોટથી ૧૫નાં મોત.*
- *વોલમાર્ટ કંપનીએ ભારતમાં ૧૪૦૦ કરોડનું રોકાણ કર્યું.*
- *છત્તીસગઢમાં માર્ગ અકસ્માતમાં ૨૦ વ્યક્તિઓનાં મોત.*